સંક્ષિપ્ત સમાચાર

પાવાગઢની તળેટીમાં સિંગપુર ચોકડી થી ૩.૭૧ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

હાલોલ : હાલોલ પાવાગઢ સીંગપુર ચોકડી નજીક સ્ટેટ મોનિટરિંગ સેલ ગાંધીનગરની ટીમ દ્વારા છાપો મારી પાવાગઢની તળેટીમાં આવેલા સિંગપુર ચોકડી ખાતેથી ભારતીય બનાવટ નો વિદેશી દારૂ અને બિયરની 40 જેટલી પેટી રંગે હાથે ઝડપી પાડી જેમાં કુલ 2156 બોટલ મળી આવી હતી જેની કિંમત 3.71 લાખ આંકવામાં આવેલ. દારૂના જથ્થા સહિત પોલીસે કુલ8.07 લાખનો મુદ્દા માલ જપ્ત કર્યો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો રેડની કાર્યવાહી દરમિયાન એક આરોપીને ઝડપી પાડ્યો છે.

કાલોલ કોર્ટના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ એફ.બી. પઠાણનો વિદાય સમારંભ યોજાયો

કાલોલ : કાલોલ ના પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ શ્રી એફ.બી. પઠાણ નિવૃત્ત થતાં, કાલોલ બાર એસોસિએશન દ્વારા કાલોલ કોર્ટ પરિસરમાં એક ભવ્ય અને લાગણીસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એડિશનલ જજ સુદેશા ગીલ, કાલોલ બાર એસોસિએશનના પ્રમુખ એચ.એ. ગોહિલ, બાર એસોસિએશનના હોદ્દેદારો, તમામ વકીલ મિત્રો, કોર્ટનો તમામ સ્ટાફ તેમજ કોર્ટ ડ્યુટી પર તૈનાત પોલીસ કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

દાહોદ નવજીવન સાયન્સ કોલેજમાં CWDC અંતર્ગત મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું

દાહોદ : દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજની Collegiate Women's Development Committee (CWDC) ના ઉપક્રમે ગત તા. ૬/૦૮/૨૦૨૬ ના રોજ કોલેજની વિદ્યાર્થિનીઓ માટે એક આકર્ષક મહેંદી સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆત મા સરસ્વતીની વંદના અને દીપપ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં કોલેજની ઉત્સાહી વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સુખસર ખાતે ઉત્સાહભેર તિરંગા યાત્રાની ઉજવણી કરવામાં આવી

સુખસર : આઝાદીના અમૃત મહોત્સવ અને"હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત આજરોજ સુખસર ખાતે કૃષિ અને ખેડૂત કલ્યાણ,સહકાર, પશુપાલન અને ગૌ સંવર્ધન મંત્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને ત્રિરંગા યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સામાજિક કાર્યકરો તેમજ નાગરિકોએ હાજર રહી તેમજ કન્યા વિદ્યાલય સુખસરની કન્યાઓ સહિત વિદ્યાર્થીઓએ હાજર રહી ગગન ભેદી નારાઓથી સુખસર ગામને દેશભક્તિના રંગે રંગવામાં આવ્યું હતું. સુખસર ખાતે રાષ્ટ્રીય સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રધ્વજના સન્માનમાં સ્વતંત્રતા સપ્તાહ"હર ઘર તિરંગા" હર ઘર સ્વચ્છતા અભિયાન અંતર્ગત ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગોધરાના શ્રી ઝૂલેલાલ મંદિરમાં ચાલીહા સાહેબ મહોત્સવ અંતર્ગત એકાદશીની ઉજવણી

ગોધરા : ગોધરા શહેરના ચિઠિયાવાડ ખાતે આવેલા શ્રી ઝૂલેલાલ મંદિરમાં ચાલીહા સાહેબ મહોત્સવ-૨૦૨૬ અંતર્ગત એકાદશીના પાવન અવસરે ભક્તિભાવ અને ધાર્મિક શ્રદ્ધા સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ચાળીસ દિવસીય ચાલીહા સાહેબ મહોત્સવ અંતર્ગત મંદિર ખાતે પ્રજ્વલિત અખંડ જ્યોતના દર્શન તથા આરતીનો લાભ લેવા માટે ગોધરા શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. આ પાવન પ્રસંગે ગોધરાના ડાલુમલ મંજાણી પરિવાર દ્વારા ઉપવાસી વ્રતધારીઓ અને ઉપસ્થિત ભક્તજનો માટે વિશેષ એકાદશી મહાપ્રસાદીની ભક્તિમય સેવા રાખવામાં આવી હતી. મનુભાઈ ખીમાણી દ્વારા પૂજ્ય ભૈરાણા સાહેબ તથા પૂજ્ય ચાલીહા સાહેબના ભજન-કીર્તન (પંઝડા)ની પ્રસ્તુતિથી મંદિરમાં આધ્યાત્મિક વાતાવરણ સર્જાયું હતું.

ત્રણ સંતાન હોવાના મુદ્દે રાછરડા ગ્રામ પંચાયતના મહિલા વિરુધ્ધ રજૂઆત

ડેપ્યુટી સરપંચ સભ્યને ગેરલાયક ઠેરવાયા

ઉપસરપંચનો તાજ કોણા સીરે જાય છે તે પણ મહત્વપૂર્ણ ચર્ચા

(પ્રતિનિધી) દાહોદ, તા.11

દાહોદ તાલુકાના રાછરડા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૫ ના ચૂંટાયેલા સભ્ય શ્રીમતી સોનલબેન ઈશ્વરભાઈ હાડાને પંચાયત સભ્યપદ માટે ગેરલાયક ઠેરવવાની માંગ સાથે તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રીમતી સોનલબેન રાછરડા ગ્રામ પંચાયત માં ઉપસરપંચ પદ તરીકે પણ ચૂંટાઈ આવેલા હતા. રજૂઆતમાં ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈઓનો ઉલ્લેખ કરીને સભ્યપદ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવાની માંગ ઉઠાવવામાં આવી હતી. રજૂઆત મુજબ વર્ષ ૨૦૨૫માં યોજાયેલી ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સોનલબેન હાડા સભ્ય તરીકે ચૂંટાયા હતા અને બાદમાં ગ્રામ પંચાયતના ઉપસરપંચ તરીકે પણ કાર્યરત રહ્યા છે. જોકે, રજૂઆતમાં જણાવાયું છે કે તેમની પાસે ત્રણ સંતાનો છે, જેમાંથી એક સંતાનનો જન્મ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરાયેલી તારીખ ૪ ઓગસ્ટ, ૨૦૦૫ બાદ થયો હોવાનું દસ્તાવેજી પુરાવા સાથે દર્શાવવામાં આવ્યું છે. અરજદાર દ્વારા જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા મંત્રીશ્રી તેમજ સંબંધિત શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી મેળવાયેલા દાખલા, જન્મ નોંધણીની વિગતો અને શાળાના જી.આર. રજિસ્ટરની પ્રમાણિત નકલો રજૂ કરવામાં આવી છે.

આ દસ્તાવેજોના આધારે સોનલબેન હાડાના ત્રણ સંતાનોના જન્મની વિગતો રજૂ કરીને તેઓ ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ સભ્યપદ માટે અયોગ્ય ઠરે છે એવો દાવો કરવામાં આવ્યો હતો. તાલુકા વિકાસ અધિકારી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૩૨ હેઠળ સત્તાનો ઉપયોગ કરી મામલાની તપાસ કરીને યોગ્ય નિર્ણય લેવા અને જરૂરી હોય તો સોનલબેન હાડાને ગ્રામ પંચાયતના સભ્યપદ માટે ગેરલાયક જાહેર કરવા માંગ કરવામાં આવી હતી. આ મામલે હવે તાલુકા વિકાસ કચેરી દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજોની ચકાસણી બાદ અરજદારની રજૂઆત અને પુરાવાઓ ધ્યાને લેતા સોનલબેન ને ત્રણ સંતાનો હોવાની વાત સાચી પુરવાર થઈ હતી જેથી તેઓની સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી અને તાલુકા વિકાસ અધિકારી દાહોદ દ્વારા તારીખ 31 જુલાઈના રોજ તેઓને ગેર લાયક ઠરવતો હુકમ કરવામાં આવ્યો છે એટલું જ નહીં ગેર લાયક ઠેરવેલા હુકમની સાથે જ આગામી ડેપ્યુટી સરપંચ માટેની ચૂંટણી સોનલબેન ના સભ્યપદ રદ થવાને સ્થાને હવે એક સભ્યની જગ્યા ખાલી પડશે તો આવતીકાલે ઉપસરપંચ નો તાજ કોણા સીરે જાય છે તે પણ મહત્વપૂર્ણ બની રહેશે

લીમખેડાના મંગલ મહુડી ગામે ટ્રેલર-બાઈક વચ્ચે અકસ્માતમાં 1નુ મોત

દાહોદ : લીમખેડાના મંગલ મહુડી ગામે હાઈવે રોડ, રેલવે બ્રિજ પર પૂર ઝડપે અને ગફલત ભરી રીતે દોડી આવતા ટ્રેલરે આગળ જતી મોટરસાયકલને પાછળથી જોશભેર ટક્કર મારતા સર્જાયેલા ગમકવાર અકસ્માતમાં મોટર સાયકલ પર સવાર ચાલક સહિત ત્રણ જણાને નાની મોટી ગંભીર ઈજાઓ થતાં, તે ત્રણેને સારવાર માટે લીમખેડા સરકારી હોસ્પિટલ માં ખસેડાતા, જ્યાં સારવાર દરમિયાન ત્રણ પૈકી એકનું મોત નીપજયું હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. આ સંબંધે માતવા ગામના પટેલ ફળિયામાં રહેતાં બાદર ભાઈ સનુભાઈ પલાસે લીમખેડા પોલીસ સ્ટેશનમાં ટ્રેલરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ટ્રેલરના ચાલકની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીનો કુલ સરેરાશ વરસાદ ૩૦૫.૪૫ મી.મી.

દાહોદ જિલ્લામાં આજે સરેરાશ ૯.૯૧ મી.મી. વરસાદ નોંધાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.11

દાહોદ જિલ્લામાં તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકથી સાંજે ૧૬:૦૦ કલાક સુધીના સમયગાળામાં વિવિધ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે. જિલ્લા કંટ્રોલ રૂમના અહેવાલ મુજબ આજે જિલ્લામાં સરેરાશ ૯.૯૧ મી.મી. વરસાદ નોંધાયો છે, જ્યારે ચાલુ ચોમાસાની ઋતુમાં અત્યાર સુધીમાં કુલ સરેરાશ ૩૦૫.૪૫ મી.મી. વરસાદ નોંધાયો છે. આજે સૌથી વધુ ગોવિંદ ગુરુ લીમડી તાલુકામાં ૨૧ મી.મી., જ્યારે તાલુકાવાર આજે નોંધાયેલ વરસાદ અને કુલ વરસાદ નીચે મુજબ છે: -ફતેપુરા, ૧૩મી.મી.૩૦૯ મી.મી.- ઝાલોદ ૧૩ મી.મી. ૨૩૮ મી.મી.- લીમખેડા ૧૧ મી.મી. ૩૯૫ મી.મી.-દાહોદ૬ મી.મી.૩૫૪ મી.મી.- ગરબાડા ૯ મી. મી. ૩૭૮ મી.મી.-દેવગઢબારિયા૪ મી.મી. ૩૨૦મી.મી.-ધાનપુર૭મી. મી. ૨૫૯ મી.મી.- સંજેલી ૧૨ મી.મી.૩૫૫ મી.મી.- સિંગવડ૭ મી.મી. ૨૫૨ મી.મી.- ગોવિંદ ગુરુ લીમડી ૨૧ મી.મી. ૨૪૫ મી.મી. - સુખસર૯ મી.મી. ૨૫૮ મી.મી. જિલ્લામાં ચાલુ ચોમાસા દરમિયાન અત્યાર સુધીમાં સૌથી વધુ કુલ વરસાદ લીમખેડા તાલુકામાં ૩૯૫ મી.મી., ત્યારબાદ ગરબાડા તાલુકામાં ૩૭૮ મી.મી નોધાયો છે.

દશામાતાની આરાધનાના પાવન પર્વનો આજથી પ્રારંભ

દાહોદ : ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ બુધવારની અમાસથી દશામાતા વ્રતનો પ્રારંભ થતો હોવાથી દાહોદ શહેરમાં -અત્યારથી જ ધાર્મિક માહોલ છવાઈ ગયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં મૂર્તિકારોના કાર્યાલયોમાં દશામાતાની મૂર્તિઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. પરંપરાગત શણગાર, આકર્ષક રંગસજ્જ, કલાત્મક કારીગરી અને આધુનિક ડિઝાઈનથી સજ્જ મૂર્તિઓ ભક્તોના આકર્ષણનું કેન્દ્ર બની છે. આ વર્ષે ૬ ઇંચથી લઈને ૭ ફૂટ સુધીની વિવિધ કદની દશામાતાની મૂર્તિઓ બજારમાં ઉપલબ્ધ થતા શ્રદ્ધાળુઓમાં પણ ભારે ઉત્સાહ દેખાયો હતો.

હાલોલમાં સીએનજી રિક્ષામાંથી ગૌમાંસ ઝડપાયાનો મામલો

હાલોલ એડી સેશન્સ કોર્ટે બે આરોપીઓને કડક સજા ફટકારી

(પ્રતિનિધી) કાલોલ, તા.11

ઈનોક્સ કંપની નજીક કાલોલ-બોરૂ રોડ પરથી સીએનજી રિક્ષામાંથી કથિત રીતે ગૌમાંસ સાથે પકડાયેલા કેસમાં પંચમહાલ (હાલોલ)ની પાંચમી એડિશનલ સેશન્સ કોર્ટે મહત્વનો ચૂકાદો આપ્યો છે.

અદાલતે મુખ્ય આરોપી સરફરાજ શેખ અને સબાનાબીબી બેલીમને દોષિત ઠેરવી ૭ વર્ષની સાદી કેદ અને ૧,૦૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) ના દંડની સજા સંભળાવી છે, જ્યારે પુરાવાના અભાવે અન્ય એક આરોપી ફિરદોશભાઈ બેલીમને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. કાલોલ પોલીસ સ્ટેશનના તત્કાલીન પીએસઆઈ એલ એ પરમારને ૧૩ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ બાતમી મળી હતી કે બોરૂ ગામ તરફથી એક સીએનજી રિક્ષા નંબરઃ GJ-23-W-1312 માં ગૌમાંસનો જથ્થો લઈને કાલોલ તરફ જવામાં આવી રહ્યો છે. જે આધારે ઈનોક્ષ કંપની પાસે વોચ ગોઠવતા બાતમી મુજબની રિક્ષામાંથી પોલીસે ૧૬ કિલો કથિત ગૌમાંસ અંદાજિત કિંમત ૩,૬૮૦ અને ૫૦,૦૦૦ની રિક્ષા, કુલ ૫૩,૬૮૦ નો મુદ્દામાલ કબજે કરાયો હતો. રિક્ષા ચાલક સરફરાજ નાજીરભાઈ શેખ અને પેસેન્જર સબાનાબીબી જાવીદભાઈ બેલીમ પાસે રહેલા વિમલના થેલામાંથી પ્લાસ્ટિકની થેલીમાં રાખેલ માંસ મળી આવ્યું હતું. ઘટના સમયે વેટરનરી તબીબ દ્વારા માંસના સેમ્પલ સીલ કરી ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી સુરત ખાતે પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. FSL રિપોર્ટમાં આ માંસ ગાય વંશના માંસ (ગૌમાંસ) હોવાનું સ્પષ્ટ પુરવાર થયું હતું.

ન્યાયાધીશ સંદીપ મનહરકુમાર ક્રિષ્ટીનાઓની કોર્ટે તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ, FSL રિપોર્ટ અને સાક્ષીઓની જુબાનીઓ ધ્યાને રાખી સરકારી વકીલ જે એ પાઠક ની દલીલો ગ્રાહ્ય રાખી ચુકાદો આપ્યો હતો.

હાલોલમાં હઝરત ફુલ શહિદ બાબાના ઉર્સની ઉજવણી કરાઈ

(પ્રતિનિધી) હાલોલ, તા.11

હાલોલ નગરના લીમડી ફળિયા અમીરે મિલ્લત ચોક ખાતે આવેલ હઝરત ફુલ શહીદ બાબા તેમજ ઉર્ષે આલા હઝરતના ઉર્ષ ની ઉજવણી સોમવાર ના રોજ આણંદ ઉત્સાહના વાતાવરણમાં કરવામાં આવી હતી. જ્યારે આ ઉર્ષ ની ઉજવણીના ભાગરૂપે સોમવારે સાંજે હાલોલના લીમડી ફળિયા ખાતેથી સંદલ શરિફ નું ભવ્ય ઝુલુસ નીકળ્યું હતું.અને ત્યારબાદ દરગાહ ખાતે આવી પહોંચ્યું હતું.જે સંદલ શરીફની રસમ અદા કરવામાં આવી હતી.

લીમખેડા તાલુકાના ઉસરા ગામે વહેલી પરોઢે બનેલી માર્ગ અકસ્માતની ઘટના

રોડ પર ઉભેલી ટ્રકના પાછળના ભાગમાં તુફાન ગાડી ધડાકાભેર અથડાઈ, ૬ને ઈજા

ઈજાગ્રસ્તોને સારવાર માટે લીમખેડા સરકારી દવાખાને ખસેડાયા

(પ્રતિનિધી) દાહોદ, તા.11

રાજસ્થાન પાર્સિંગની ૦૩૯૭નંબરની ટ્રક ગત તારીખ ૭-૮-૨૦૨૯ ના રાત્રિના સમયે લીમખેડાના ઉસરા ગામે બગડી હોવાથી તે ટ્રકમાં ચાલકે પોતાના કબજાની બગડેલ ટ્રકને આગળ પાછળના સિગ્નલના લાઈટ ચાલુ નહીં રાખી ટ્રકને હાઈવે રોડ પર રોડની સાઈડની સફેદ લાઈનના પટ્ટા પાસે રાત્રિના અંધકારમાં કોઈ પણ જાતનું સિગ્નલ નહીં મૂકી ટ્રક ઉભી રાખી હતી. તે દરમિયાન વહેલી પરોઢના સાડા ચાર વાગ્યાના સુમારે પાછળથી આવતી પેસેન્જર ભરેલ તુફાન ગાડીના ચાલકને રોડ પર ઉભી રાખેલ બગડેલ ટ્રક ન દેખાતા તેના કબજાની તુફાન ગાડી ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાતા સર્જાયેલા માર્ગ અકસ્માત મા ગાડીમાં મધ્ય પ્રદેશના ધાર જિલ્લાના સંજય બાપુ મુવેલને ડાબા હાથે ખભાના ભાગે ગૈબી ઈજા થવા પામી હતી, જમનાને માથામાં ઈજા થઈ હતી, શિવાન્યાને જમણા હાથે ફેક્ચર તથા શરીરે ઓછી વધતી ઈજાઓ થઈ હતી ભાઈને ડાબા હાથે તેમજ ડાબા પગે ફેક્ચર તથા માથામાં ઈજા થવા પામી હતી, ભવનભાઈ ને માથામાં બીજા તથા ડાબા પગે ફેક્ચર થવા પામ્યું હતું તેમજ વિજયભાઈ ને બંને પર્ગે ફેક્ચર થવા પામ્યું હતું તેમજ છાતીમાં ઈજા થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો વહેલી પરોઢે ઘટના સ્થળ પર દોડી આવ્યા હતા અને ઉપરોક્ત તમામ ઈજાગ્રસ્તોને લીમખેડા સરકારી દવાખાને સારવાર અર્થે મારફતે હતા. આ સંબંધે બ્રદેશજશુબાટી ગામના ઈજાગ્રસ્ત એ લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમખેડા પોલીસે આ મામલે કોઈપણ જાતના સિગ્નલ લાઈટ ચાલુ કર્યા વિના અંધારામાં ટ્રક ઉભી રાખનાર ટુક ચાલક વિરુદ્ધ માર્ગ અકસ્માત નો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ચાલક આધાર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ

શહેરાના બોરીયાવી ગામેથી અનામત મહુડાના લાકડા ભરેલો ટ્રક ઝડપી પાડ્યો

વન વિભાગે ૩. ૫.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધી) ગોધરા, તા.11

શહેરા વન વિભાગ દ્વારા બોરીયાવી ગામ વિસ્તારમાં સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ત્યાંથી પસાર થતા ટ્રક નંબર GJ-23-Y-1692 ને શંકાના આધારે અટકાવીને તેની તલાશી લેવામાં આવતા, ટ્રકમાંથી મહુડાના તાજા લાકડાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. વન વિભાગના અધિકારીઓએ તરત જ ટ્રક ચાલક પાસે લાકડાના વહન અંગેના જરૂરી પાસ-પરમિટ અને દસ્તાવેજોની માંગણી કરી હતી. જોકે, ચાલક સ્થળ પર કોઈ અધિકૃત આધાર પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહેતા વન વિભાગે ગેરકાયદેસર ગણીને લાકડા ભરેલા ટ્રકને અટકાવી દીધો હતો. જપ્ત કરાયેલા આ તમામ મુદ્દામાલને વધુ તપાસ અર્થે શહેરા રેન્જ કમ્પાઉન્ડ ખાતે સરકાર હસ્તક મૂકી દેવામાં આવ્યો છે.

કાલોલમાં નગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી

સાફ-સફાઈ દરમિયાન પાણીના સંપમાંથી મૃત પ્રાણીઓના હાડપિંજર નીકળ્યા

પાલિકા તંત્ર દ્વારા લોકોના આરોગ્ય સાથે ચેડાં કરાતા હોવાનો સ્થાનિકોનો આક્ષેપ

(પ્રતિનિધી) કાલોલ, તા.11

કાલોલ નગરપાલિકાની મોટી બેદરકારી સામે આવી છે, જેનાથી સ્થાનિક રહીશોના આરોગ્ય સામે ગંભીર સવાલો ઊભા થયા છે. દિવાન વાડી વિસ્તારમાં આવેલી મુખ્ય પાણીની ટાંકી અને સંપની સફાઈ દરમિયાન અંદરથી મરેલા પશુઓના હાડપિંજર અને અનેક હાડકાં મળી આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, પાલિકાના કર્મચારીઓ જ્યારે સફાઈ કામગીરી કરી રહ્યા હતા, ત્યારે આ ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. મોટા ભાગના હાડકાં પાલિકાની ગાડીમાં ભરી લેવામાં આવ્યા હતા.

જોકે, સ્થાનિક લોકો સમયસર આવી પહોંચતા કેટલાક હાડકાં બહાર જ રહી ગયા હતા, જે પાલિકાની આ ઘોર બેદરકારીના પુરાવા સમાન છે. આ ઘટના પછી સ્થાનીકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોંકાવનારી વાત એ છે કે, આથી થોડા સમય પહેલા જ સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં રખડતા કૂતરા આ ખુલ્લા સંપની આસપાસ અને અંદર ફરતા જોવા મળ્યા હતા. તે સમયે આ મુદ્દો ઉઠતા, પાલિકા દ્વારા માત્ર કામચલાઉ વ્યવસ્થા તરીકે સંપ પર પ્લાસ્ટિક ઢાંકવામાં આવ્યું હતું.

હાલોલ ખાતે ૧૦ કરોડ નશામુક્ત પ્રતિજ્ઞા અભિયાન અંતર્ગત શપથવિધિ સમારોહ યોજાયો

(પ્રતિનિધી) દાહોદ, તા.11

ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ ખાતે ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે આયોજિત "10 કરોડ નશામુક્ત પ્રતિજ્ઞા મહાઅભિયાન-2026" અંતર્ગત નશામુક્તિ અંગે જાગૃતિ અને શપથવિધિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના યુવાનોમાં નશાના દુષ્પ્રભાવ અંગે જાગૃતિ ફેલાવવા તેમજ નશામુક્ત, સ્વસ્થ અને મૂલ્યઆધારિત સમાજના નિર્માણના હેતુથી તા. 6 ઓગસ્ટથી 20 ઓગસ્ટ, 2026 દરમિયાન સમગ્ર દેશમાં આ મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું છે.આ અભિયાન અંતર્ગત યુનિવર્સિટી ખાતે પણ નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમનું આયોજન માનનીય કુલપતિ ડૉ. સી. કે. ટીંબાડિયા સાહેબના માર્ગદર્શન હેઠળ, માનનીય કુલસચિવ તથા કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, હાલોલના આચાર્ય ડૉ. પ્રભુ નાયકા દ્વારા કરવામાં આવ્યું હતું.

જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

અરજદાર :- ભાભોર મુકેશભાઈ દલસિંગભાઈ
રહે. ઝરીબુઝર્ગ તા. ગરબાડા, જિ. દાહોદ
વિરૂધ્ધ
સમાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા. ગરબાડા જિ. દાહોદ

કેસ નં.૭૫૨/૨૦૨૬
તા.૧૩/૦૮/૨૦૨૬

જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ભાભોર મુકેશભાઈ દલસિંગભાઈ પુત્ર નામે ભાભોર અજયભાઈ મુકેશભાઈનો જન્મ તા. ૦૩-૦૧-૨૦૦૭ના રોજ ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદ મુકામે તેમોના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રના જન્મ થયેલ ત્યારે જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ તા. ગરબાડા, જિ. દાહોદના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદર હું અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરીયાત હોઈ અરજદારે જન્મ-મરણ અધિનિયમની કલમ નં.૧૩ (૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર)માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

આજ તારીખ-૧૩-૦૮-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી/- એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અને મામલતદાર ગરબાડા